






થાય સામા સીમા પર, જાણે ઓળખતા નથી!
ઝગડાખોર ચીના ઉકેલમાં માનતા નથી!
પંપાળ્યા, હિંચકે ઝૂલાવ્યા બધું ગયું પાણીમાં-
વિસ્તારવાદી ચીના શાંતિમાં સમજતા નથી..




ગમતું નથી,
રાજમહેલે પણ -
ઘર વગર..
(વજુભાઇનો અસાંગરો)

દુખે છે પેટ
ને ખર્ચાવે કરોડ -
- કોના બાપની?!
(રાજભવન રીનોવેશન)
તામિલનાડુ

## ચિંતન

**યા મિત્રં કુરુતે મૂઢ આત્મનો અસદૃશં કુધીઃ । હીનં વાપ્યધિકં વાપિ હાસ્યતા યાત્સસૌ જનઃ ॥**

'પોતે બધી રીતે સંપૂર્ણતાવાળો - સુસજ્જન અને સમૃદ્ધ હોય છતાં પણ ડાહ્યા-બુદ્ધિમાન માણસે પોતાના કરતાં ઉતરતી કક્ષાના (બધી જ રીતે-જાતિ-કુળ-ધનસંપત્તિ-જ્ઞાન-અભ્યાસ વગેરેમાં) અથવા એ જ રીતે બધી બાબતમાં ચઢિયાતા સ્તરના સાથે મૈત્રી સંબંધ કે અન્ય કોઇ પણ જાતને સંબંધ બાંધે છે તે કુબુદ્ધિવાળો તો ઠરે જ છે સાથે ભવિષ્યમાં હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં પણ મૂકાય છે.'

જૂના વખતમાં જ્ઞાતિકુળમાં લગ્નસંબંધો થતાં અને કાયમી રહેતા આજે યુવાનો માત્ર થોડા પરિચયથી એકબીજાના પરિચયમાં આવે છે, પહેલા પાંચ-પાંચ પેઢીના સંસ્કાર-સંબંધો-સ્તરની માહિતી વડીલોને ખબર હોય અને કયાં આજના યુવાનો જેને ઘર-કુટુંબની પણ ખબર નથી હોતી તેને સ્વભાવ-કુળ-રિતરિવાજની તો કયાંથી ખબર હોય? ફેસબૂકના ખોટા સાચા પરિચયના ઝાળામાં સલવાઇ સંબંધ બાધે અને પછી હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં મુકાઇ જાય. સમાન સ્તર-જ્ઞાન-સમૃદ્ધિ-બુદ્ધિ જોઇને જ મૈત્રી કે કોઇ પણ જાતનાં સંબંધ બાંધવા વધારે ઉચ્ચું કુળ પણ નહીં તદ્દન નીચું કુળ પણ નહીં...

## સુવિચાર

- 'હું માફ કરી શકું છું પણ ભૂલી શકતો નથી' એમ કહેવું એ 'હું માફ કરી શકતો નથી' એમ કહેવાનો બીજો રસ્તો છે - **રોબર્ટ બ્રાઉનીંગ**
- ભય માણસને દબાવે છે, જયારે પ્રેમ માણસને ઉઘાડે છે - **અખંડ આનંદ**
- પ્રભુની ઇચ્છા મુજબની જ ઇચ્છા રાખવી એ શાંતિ મેળવવાનું વિજ્ઞાન છે- **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાની અજ્ઞાનતાની સભાનતા એ જ્ઞાનપ્રમાણનું એક મોટું પગલુ છે- **બેન્જામીન ડીઝરાયલી**
- પોતે કદી પકડાવાનો નથી એ જાણ્યા પછી માણશ શું કરે છે એ પરથી એનું ચારિત્ર્ય મપાય છે - **થોમસ મેકોલે**
- લોકો લાયક ના બને ત્યાં સુધી એમને સ્વતંત્રતાના આપવી એ સિદ્ધાંત પાયામાંથી જ ખોટો છે, માણસ પાણીમાં પડ્યા વગર તરતા શીખી જાય એવી શરત મૂર્ખાઇ ભરી છે - **અનામ**
- રૂઢિનું બંધન એ જંગલીપણાનું ચિહ્ન છે, રૂઢિને તોડવી એ જ ખરેખરી મુક્ત દશા છે - **હરકિસન મહેતા**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આપણી આપત્તિ-સમસ્યા-મુશ્કેલી-દુખ એ આપણાં જ છે એને આપણને જ ભોગવાનાં છે. એનું નિરાકરણ-ઉકેલ પણ આપણે જાતે જ શોધવાનાં છે કોઇ આગળ રડવાથી એ દુઃખ ઓછાં થવાના નથી.

એરિસ્ટોટલ ચિંતક અને મહાન તત્ત્વજ્ઞાની હતા. એમના ચાર વિદ્યાર્થીઓ એ એમની પાસે તત્ત્વજ્ઞાનની તાલીમ લીધી. અભ્યાસક્રમ પૂર્ણ થવામાં હતો ત્યારે એરિસ્ટોટલને પોતાના વિદ્યાર્થીઓની પરીક્ષા કરવાની ઇચ્છા થઇ. એમણે ચારેય વિદ્યાર્થીઓને પૂછ્યું : ધારો કે તમારી સામે કોઇ મોટી ગંભીર સમસ્યા ઊભી થઇ, તમે મુંઝવણમાં મૂકાઇ ગયાં છો, ત્યારે તમે શું કરશો?

પહેલા વિદ્યાર્થીએ કહ્યું : મારા પિતા ખૂબ બુદ્ધિશાળી છે એ કોઇ પણ સમસ્યાનું સમાધાન કરી આપે છે હું તેમની પાસે જઇશ. બીજાએ કહ્યું, મારો મિત્ર ખૂબ હોંશિયાર છે હું તેનું માર્ગદર્શન લઇશ.

ત્રીજો કહે - આપ મારા ગુરુ છો - આપની પાસે જ હું સલાહ લેવા આવી જઇશ.

ચોથો કહે - મારી સમસ્યા મારી જ છે હું જાતે જ એનો ઉકેલ શોધવા પ્રયત્ન કરીશ... અને વિજયી થઇશ.

આ ચોથો શિષ્ય પછીથી મહાન સિકંદર તરીકે જગતમાં પ્રસિદ્ધ થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# તમને વહુ કહું કે દીકરી? મારૂં મન અને હૃદય બંને પારખી તમે મને આ ઉંમરે ધન્ય કરી દીધો છે, કહેતા એમની આંખો આંસુથી ઉભરાઇ ગઇ

**વહુ કે દીકરી**
**- જય ગજ્જર**

લતા પોતાના સસરાને જમવાનું આપી સંસ્કૃતિકુંજના મેળામાં ગઇ. સસરા જમવા બેઠા ત્યાં જરા અસ્વસ્થ લાગતા હતા પણ લતાએ સસરાને કંઇ પૂછ્યું નહિ. પણ સસરાની ઉમરનો થાક એ પામી ગઇ.

વીસ વર્ષ પહેલાં એ વીસ વર્ષના હેમંતને પરણીને આવી ત્યારે એ ચાલીશ વર્ષના હતા. સવારે મિલમાં જતા અને ચાર વાગે આવીને એમના મિત્ર હસમુખ સાથે એ ચેસ રમવા બેસી જતા. ઘરમાં ચાર જણ હતા અને બે જણ કમાનાર હતા. એટલે કોઇને ઘરની ઝાઝી ચિંતા નહોતી. પણ વીસ વર્ષમાં બધું બદલાઇ ગયું. સાસુજીને ત્રણ સંતાનો અને એનાં ત્રણ સંતાનો થતાં કુટુંબ મોટું થઇ ગયું. સાથે મોંઘવારી પણ વધતી ગિ. આવકજાવકનાં પાસાં મેળવવા સાસુજી અકળાતાં. એક દિવસ સસરાને એમની એ લત વિષે ન કહેવાનાં વેણ કહ્યાં અને ચેસ અને એનાં પ્યાદાં પોળને નાકે સરકારી ડમ્પમાં નાખી આવ્યાં. સાસુના એ વ્યવહારથી સસરાને બહુ લાગી આવ્યું. ચાર દિવસ જમ્યા નહિ અને ઘરમાં અબોલા રહ્યાં.

લતાને એનું બહુ દુઃખ થયું વડીલોની આમન્યા રાખી કંઇ બોલી નહીં. ચારેક દિવસ પછી સસરાજી મિલમાં છૂટી સુતારીકામ કરવા લાગ્યા. ચેસને ભૂલી મન એમાં પરોવ્યું. કાળી મજૂરી કરી આવકજાવકનાં પાસાં મેળવવામાં પડી ગયા. પંદર વર્ષથી લતા સસરાની એ મહેનત જોતી હતી. આજ જમતાં જમતાં સસરાને શ્વાસ ચઢતો જોઇ એને સસરા પર દયા આવી. એ જોઇ શકી કે પેલું ચેતન જાણે હણાઇ ગયું હતું.

વિચારોનાં વમળમાં અટવાઇ મેળામાં ફરતી હતી. એમાં એક કાશ્મીરી સ્ટોલમાં સુખડના સરસ મજાના ચેસ પીસ પર એની નજર પડી. કશું જ વિચાર્ય વિના કે ભાવની રકઝક કર્યા વિના એણે ચેસ બોર્ડ અને ચેસપીસ ખરીદી લીધાં.

જલદી જલદી ઘેર આવી સસરા પાસે એ ચૂસ મૂકતાં લતા બોલી, 'કાલથી તમારે ચાર વાગે મિલમાંથી છૂટી કોઇ કામ કરવા નથી જવાનું. હસમુખભાઇને કહેતી આવી છું. એ રોજ તમને કંપની આપવા ચાર વાગે આવી જશે. બાળકો હવે મોટા થઇ ગયાં છે. હું પાર્ટ ટાઇમ નોકરી શોધી કાઢીશ. તમે તમારા શોખમાં નિજાનંદમાં રહેજો.'

'તમને વહુ કહું કે દીકરી? મારું મન અને હૃદય બંને પારખી તમે મને આ ઉંમરે ધન્ય કરી દીધો છે.' કહેતા એમની આંખો આંસુથી ઉભરાઇ ગઇ.

# દેવસ્થાન ઈનામી જમીનને હવેથી બિનખેતી રૂપાંતર કરવામાં આવશે

**વાત કાનૂન કાયદાની...**
**- અશ્વિન વી. ત્રિવેદી**
**એડવોકેટ**
**atopcl@gmail.com**



ગુજરાત મહેસુલ વિભાગે દેવસ્થાન ઈનામી જમીનમાં અનઅધિકૃત ધારકને પ્રિમિયમ ભરીને રી ગ્રાન્ટ કરવાની જોગવાઈ કરતો પરિપત્ર તાજેતરમાં બહાર પાડતા લાખો ચો.મી. ઈનામી દેવસ્થાનવાળી જમીનો હવે બિનખેતીમાં રૂપાંતરીત કરવામાં આવતા આગામી દિવસોમાં રીયલ એસ્ટેટમાં તેજીનો અણસાર આવશે.

દેવસ્થાન ઈનામી જમીન કોઈપણ વ્યકિતના અનઅધિકૃત કબજામાં હોય ત્યારે જમીન મહેસુલ કાયદાની કલમ ૭(૧) મુજબ આવી જમીનો ખાલસા કરવાની જોગવાઈ છે પરંતુ અનઅધિકૃત ધારક દ્વારા જમીનના બિનખેતી વિષયક વપરાશ અથવા તે સીવાય બીજી રીતે એવા ધારકે કરેલા રોકાણને કારણે તે જમીન ખાલી કરાવવાની મુશ્કેલી વધતી હતી જેથી તેના ઉપાય તરીકે સરકાર દ્વારા નક્કી કરેલ જંત્રી મુજબ પ્રિમીયમની રકમ કબજા માલીક દ્વારા ભરપાઈ કરવામાં આવેથી આવી જમીન હવે જુની શરતમાં રીગ્રાન્ટ કરવામાં આવશે જેનાથી હવે ઈનામી દેવસ્થાન કરબજાવાળી જમીન જુની શરતમાં ફેરવાતા બિનખેતીના હેતુ માટે પણ મંજૂરી આપશે જેનાથી વાસણા, સરખેજ, દાણીલીમડા, ઈસનપુર, અસારવા, નિકોલ, નારોલ અને પાલડી ગામમાં લાખો ચો.મી. ઈનામી દેવસ્થાન કબજાવાળી જમીનો રીડેવલોપ થશે અને રીયલ એસ્ટેટમાં તેજી આવશે.

અમદાવાદ કલેકટરે અમદાવાદ શહેર સહિત જીલ્લામાં દેવસ્થાન ઈનામી જમીનમાં બિનખેતીની મંજુરી આપવાનું ઘણા સમયથી રાજય સરકારના પરિપત્રથી બંધ કરેલ અને તેનાથી ઈનામી દેવસ્થાન કબજાવાળી જમીનોને રેવન્યુ તકરારો ઉપસ્થિત થવા પામેલી અને ઈનામી દેવસ્થાન કબજાવાળી જમીનના ડેવલોપમેન્ટ ઉપર બ્રેક વાગેલી હવેથી રાજય સરકારના મહેસુલ વિભાગના નવા પરિપત્રથી આવી જમીનો એન.એ. કરવાની પરવાનગી આપવાનું શરૂ કરવામાં આવશે જેનાથી સરકારની તિજોરીમાં મોટી રકમ પ્રિમિયમની જમા થતા રેવન્યુ ઈન્કમમાં પણ વધારો થશે.

સરકાર ઈનામી દેવસ્થાનવાળી જમીનનો પ્રિમીયમપાત્ર ગણવી કે નહી તે અંગે અત્યાર સુધી સરકાર અવઢવમાં હતી અને તેનાથી ઘણી બધી વિસંગતતાઓ ઉભી થતી હતી જે સરકારના ધ્યાને આવતા અને વિકાસલક્ષી ગતિશીલ સરકારની વિકાસ યોજનાને આગળ ધપાવવા આવી જમીનને એન. એ. પ્રક્રિયા શરૂ કરવી પણ ખુબ જ અગત્યની ગણાતા સરકારે ૨૯/૫/૨૦૧૫ થી મહેસુલ વિભાગે એક પરિપત્ર બહાર પાડી દેવસ્થાન ઈનામી જમીનના કબજા ધારકને રાહત આપેલ છે જેનાથી હજારો ખેડૂતોને ફાયદો થશે અને આવી જમીનના ખરીદ વેચાણ શકય બનશે. જમીન મહેસુલ કાયદાની કલમ ૬(ખ) માં અધિકૃત જમીન ધારક અને કનિષ્ટ ધારકને સરખા ભોગવટાના હક્કો આપવામાં આવ્યા છે જે કબજા ધારકો રાજય સરકારને કબજાની રકમ પ્રિમીયમ તરીકે ભરવા જવાબદાર છે જેમની પાસેથી કોઈ પણ પ્રકારની કબજા રકમ લીધા સીવાય ભોગવટા હક્ક મેળવેલ હોવાથી આવા જમીન ધારકો પાસેથી જમીન જુની શરતની ગણી માત્ર બિનખેતીના હેતુ માટે પ્રિમીયમ વસુલ કરવામાં આવશે.

જે જમીનનો કબજો ગણોતીયા પાસે હોય અને ગણોત ધારાની કલમ ૪૩(૧)(બી) હેઠળ કૃષી પંચ દ્વારા આવા ગણોતીયાને કાયમી ગણોતીયા તરીકે ઠરાવેલ હોય તો આવા કાયમી ગણોતીયા પાસે હોય તેવી જમીન જુની શરતની ગણવામાં આવશે.

દેવસ્થાન ઈનામી જમીનના કબજા હક્ક અને ખેડૂતના દરજ્જા બાબતે ૯/૪/૨૦૧૦ ના પરિપત્રની સૂચનાઓનો પણ ચુસ્તપણે પાલન કરવામાં આવશે. કોઈપણ અનઅધિકૃત કબજા ધારકના કબજામાં ઈનામી દેવસ્થાન વાળી જમીન હોય ત્યારે કાયદાની કલમ ૭(૧) મુજબ આવી જમીન ખાલસા કરવાની જોગવાઈ છે પરંતુ અનઅધિકૃત કબજા ધારક દ્વારા જમીનના બિનખેતી વિષયક વપરાશ અથવા તે સીવાય બીજી રીતે આવા ધારકે કરેલા રોકાણને કારણે તે જમીન ખાલી કરાવવી મુશ્કેલી થશે. જેથી સરકાર નક્કી કરે તે રકમ પ્રિમીયમ તરીકે ભરવાની આવી જમીન અનઅધિકૃત કબજા ધારકને રીગ્રાન્ટ કરી શકાશે જેનો અમલ ૨૯/૫/૨૦૧૫ થી સરકાર દ્વારા કરવામાં આવ્યો છે જેનાથી અમદાવાદની આજુબાજુની લાખો ચો.મી. જમીનમાં ડેવલોપમેન્ટ થશે અને ખરીદ વેચાણની તકો વધતા જમીન માર્કેટમાં તેજી આવશે તેમજ સરકારને લાખો રૂપિયાની રેવન્યુ આવક ઉભી થશે. ગતિશીલ ગુજરાતના વિકાસ માટે આવા નિયમ ફેર સરકાર દ્વારા વખતો વખત કરવામાં આવતા જમીન ધારકને ચાંદી છે. આગામી સમયમાં જમીનોમાં તેજી આવશે તે ચોક્કસ વાત છે.

# ગ્લોબલ વોર્મિંગ અને ભારત

**ચર્ચાસભા**
**- પી.ડી. વાઢેર**

ગ્લોબલ વોર્મિંગ અટકાવવા પ્રાકૃતિક ઉર્જાનો મહત્તમ ક્ષમતા સાથે ઉપયોગ કરવામાં આવે તે અત્યંત જરુરી છે. સને ૨૦૩૦માં ભારતની જનસંખ્યા અંદાજે ૧૩૫ કરોડ થવાનો સંભવ છે. તે સમયે પર્યાવરણ અને પરિસ્થિતિને અનુલક્ષીને ઉર્જા ઉત્પાદન, વપરશ અને બચતનો ખ્યાલ આજે જ કરવાનો રહે છે. ૨૦૦૮માં ભારતની જનસંખ્યા આશરે ૧૧૨ કરોડના આંકડે પહોંચી છે. આ સામે ભારતમાં વિવિધરુપે થતું વિદ્યુતનું ઉત્પાદન ૧, ૨૮,૦૦૦ મેગાવોટ છે. આજના હિસાબે ૨૦૩૦માં ૮,૦૦, ૦૦૦ મેગાવોટ ઉર્જાનું ઉત્પાદન હોવું જોઇએ. હાલ ભારતમાં લગભગ ૭૦ થી ૮૦ ટકા વિદ્યુત ઉત્પાદન કોલસાની મદદથી થાય છે. જે મુખ્ય ગ્રીન હાઉસ વાયુ - કાર્બન ડાયોકસાઇડ વાયુ પેદા કરી પ્રદૂષણ વધારીને ગ્લોબલ વોર્મિંગ વધારે છે. આ પ્રમાણે ચાલતુ રહેશે તો ૨૦૩૦માં શી સ્થિતિ હશે? જળવિદ્યુત, પવન ઉર્જા, સૌર ઉર્જા જેવી પુનઃપ્રાપ્ત ઉર્જા, ન્યુક્લિયર પાવર ઉર્જા જેવા વિકલ્પો વિચારી તેમાંથી મહત્તમ ઉર્જા પ્રાપ્ત કરવાના પ્રયત્નો હાથ ધરવા પઢશે. તો ૨૦૩૦માં કાંઇક સ્થિતિ સુધારી શકાશે.




અમેરીકામાં દર વર્ષે વ્યક્તિદીઠ આશરે ૨૦ ટન, યુરોપીયન યુનિયનના દેશોમાં ૧૦ થી ૧૫ ટકા ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન થાય છે, જયારે ભારતમાં આવા હાનિકારક વાયુઓના ઉત્સર્જનનું પ્રમાણ એક ટન છે. દુનિયામાં ગ્રીનહાઉસ વાયુઓના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો ૬ ટકા છે. ભારતમાં વિદ્યુત ઉત્પાદન વધુ જો કોલસા આધારિત રહેશે તો ૨૦૩૦માં ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનની બાબતે ભારત ચીન પછી બીજા ક્રમે હશે.

આઇપીસીસીના એક અહેવાલ પ્રમાણે ગ્લોબલ વોર્મિંગથી ભારતને સૌથી વદુ નુકશાન થઇ શકે છે. આથી વિદ્યુત ઉત્પાદનની પદ્ધતિઓમાં સુયોજિતપણે નવીનીકરણ કરવું એ આપણા હિતમાં છે. ભારતમાં મોટા ભાગના કોલસા આધારિત પાવર પ્લાન્ટ જૂની ટેકનોલોજીના છે તેને નવી ટેકનોલોજીવાળા કરવાથી તેની તાપક્ષમતા દસથી પંદર ટકા વધારી શકાય, તથા પ્રદૂષણ ઘટાડી શકાય. આ બાબતનો વિલંબ આપણને ઘણો મોંઘો પડે તેમ છે.

ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાત્ર ભારત, ચીન કે અન્ય વિકસતાં દેશો પૂરતી નથી, તે વૈશ્વિક ઘટના છે. માટે તેનું નિરાકરણપણ વૈશ્વિક ધોરણે લાવવું અનિવાર્ય છે. તમામ પ્રકારના રાજકીય, આર્થિક કે અન્ય - મતભેદો કોરામે મુકી આ વૈશ્વિક સમસ્યાનો ઉકેલ શોધવામાં આવે તેમાં જ વિકસિત અને અવિકસિત રાષ્ટ્રોનું હિત સમાયેલું છે. ગ્રીન હાઉસ વાયુઓનો અતિરેક ગ્લોબલ વોર્મિંગમાં પરિણમશે અને આ અનિષ્ઠ સમગ્ર પૃથ્વીને ઝપેટમાં લેશે. આ વૈશ્વિક ઘટના રૌદ્ર રુપ ધારણ કરશે. તેનાથી વિકસિત રાષ્ટ્રો પણ બચી શકશે નહીં.

ઇન્ડોનેશિયાના બાલીમાં ૨૦૦૭ની ડિસેમ્બરે આબોહવા પરિવર્તન (Climate Change - c.c) સંમેલન યોજાઇ ગયું. દુનિયાના ૧૬૦ દેશોના રાષ્ટ્રોએ આ સંમેલનમાં ભાગ લીધો. રોજબરોજ વધતા જતા ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો કરવા વિશદ ચર્ચાઓ થઇ, પરંતુ ઉકેલની દિશામાં ઠોસ ઉપાયો કરવા માટે કોઇ સ્પષ્ટ સહમતી સંધાઇ નહીં. આ સંમેલનમાં વિકસિત રાષ્ટ્રોને ઝેરી વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો કરવાનું કહેવાયું છે. ગ્લોબલ વોર્મિંગનો પડકાર સૌની સામે છે સૌએ એક સાથે ઝીલવાનો છે.

છેલ્લે પ્રગટ થયેલા ગ્રીનપીસના અહેવાલ મુજબ જાણવા મળે છે કે એક ગરીબ વ્યક્તિ કરતાં ધનિક વ્યક્તિ ચાર-પાંચ ઘણો વધારે ગ્રીનહાઉસ વાયુઓ વાતાવરણમાં છોડે છે.

ગ્રીન હાઉસ વાયુઓ છોડવાનો વિશ્વનો સરેરાશ આંક ૫.૦૩/ટન/વ્યક્તિ/વર્ષ છે. આજે અમેરિકાનો નાગરિક ભારતના સામાન્ય નાગરિક કરતાં ૪૦ ગણો વધારે ગ્રીનહાઉસ વાયુઓ વાતાવરણમાં છોડે છે. આગામી ૨૦ વર્ષમાં ચીન ગ્રીનહાઉસ વાયુઓ છોડનાર પ્રથમ રાષ્ટ્ર હશે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વિકસિત રાષ્ટ્રોને કારણે જટિલ બની છે. શક્ય હોય ત્યાં લોકો પગપાળા, સાઇકલ કે અન્ય પ્રદૂષણ ન ઓકતા નિર્દોષ વાહનમાં પ્રવાસ કરે. કાર્બન ડાયોકસાઇડ છોડનાર વાહનોનો સંયમપૂર્વક ઉપયોગ કરે, 'વધુ ભોગવો અને વધુ બગાડો' ની નીતિનો તિલાંજલી આપે, માણસ કુદરત પાસેથી લે તેનાથી સવાયુ પરત કરે, ગ્લોબલ વોર્મિંગ માટે મહ્દઅંશે વિકસિત રાષ્ટ્રો જ જવાબદાર છે અને એ વિકટ પરિસ્થિતિનો હલ શોધવાની પણ તેમની જ જવાબદારી છે. જો તેઓ જવાબદારીમાં પીછે હઠ કરશે તો આપણે અને આપણી આવનારી પેઢીને તેના માઠા ફળ ભોગવવા પડશે.

(સંપૂર્ણ)

# નવી શિક્ષણનીતિમાં સંસ્કૃતભાષાનું સ્થાન : સમીક્ષા


**ચિંતન**
**- પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ**

સંસ્કૃત ભાષા માત્ર દેશ કે રાષ્ટ્રની દૃષ્ટિએ જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની દૃષ્ટિએ એક મૂલ્યવાન ભાષા છે. પ્રૌઢ વિદ્વાનોનો મત છે કે વિશ્વની અન્ય પ્રાચીન ભાષાઓની સરખામણીમાં સંસ્કૃતભાષા પૂર્ણ અને વૈજ્ઞાનિક ભાષા છે. મહાત્મા ગાંધીએ પણ યથાર્થ કહ્યું છે કે સંસ્કૃતભાષાના અભ્યાસ વિના કોઇ પણ વિદ્વાનનો અભ્યાસ અધૂરો જ ગણાય. સંસ્કૃત માત્ર ભાષા નથી તે સંસ્કાર અને સંસ્કૃતિનો પર્યાય છે. વિશ્વમાં રાષ્ટ્રની સાચી ઓળખ છે. આવી મહાન ભાષાના સ્થાન અને માન વિશે નવી શિક્ષણનીતિમાં વિદ્વાનોનો શો વિચાર છે તે જાણવાનો અને તેની સમીક્ષા કરવાનો ઉપક્રમ છે.

ભારતીય શિક્ષણ મંડળ ઇ.સ. ૧૯૬૯થી રાષ્ટ્રીય દૃષ્ટિએ શિક્ષણક્ષેત્રે કામ કરતું એક દેશવ્યાપી અને સેવાભાવી સંગઠન છે. નવી શિક્ષણનીતિને કેન્દ્રમાં રાખી ૪૦૦૦ જેટલા વિદ્વાનોનો સંપર્ક કરી તેણે હિન્દી ભાષામાં એક પુસ્તિકા પ્રકાશિત કરી છે. તેના ચોથા પ્રકરણ 'પાઠ્યપુસ્તક' માં બે પેરેગ્રાફમાં ભાષાનીતિ વિશે પોતાના વિચારો રજૂ કર્યા છે.

ભૂમિકામાં તેઓ જણાવે છે કે દેશની ભાષાનીતિ વિશ લોકો બીનજરુરી વિવાદ ઊભો કરે છે. કેટલાક લોકો વર્તમાન ભાષાનીતિના પક્ષમાં છે તો કેટલાક વિપક્ષમાં છે. પ્રસ્તુત યોજવામાં વધારેમાં વધારે સ્વતંત્રતાને સ્થાન આપવામાં આવ્યું છે, જેમાં દ્વિભાષા, ત્રિ-ભાષા કે ચારભાષાની ફોર્મ્યુલામાં માનનારા બધા લોકોને સંતાષ થશે.

ભારતીય શિક્ષણ મંડળની યોજના પ્રમાણે પ્રથમ અષ્ઠવર્ષીય (સામાન્ય શિક્ષા) શિક્ષણમાં માતૃભાષા પ્રથમ ભાષા રહેશે. તેમજ હિન્દી, સંસ્કૃત, કોઇ અન્ય રાજયભાષા અથવા અંગ્રેજી - આ ભાષાઓમાંથી દ્વિતીય કે બીજી ભાષાની પસંદગી કરવાની રહેશે. (પરંતુ કોઇ અંગ્રેજી ન ભણવા માગે તો તેની પણ છૂટ રહેશે.) ઉપર્યુક્ત ભાષાઓમાંથી કોઇ પણ એક ભાષાને દ્વિતીય ભાષા તરીકે લઇ શકાશે.




ચાર વર્ષની ઉચ્ચશિક્ષા (ચતુર્વષીય ઉચ્ચ વિદ્યાલયીન શિક્ષા) ધોરણ ૯ થી ૧૨ના શિક્ષણમાં સંસ્કૃત અથવા કોઇ શાસ્ત્રીય ભાષા જેવી કે અરબી, ફારસી, ગ્રીક, લેટિન, હિબ્રૂમાંથી પસંદગી કરવાની રહેશે. અને તે ભાષા અનિવાર્ય ભાષા તરીકે ભણાવાશે. આમ ધોરણ - ૧૨ સુધીમાં વિદ્યાર્થીને ત્રણ ભાષાઓ - પ્રથમ માતૃભાષા, દ્વિતીય હિન્દી, સંસ્કૃત, કોઇ રાજયભાષા કે અંગ્રેજીમાંથી કોઇ એક ભાષા અને તૃતીયભાષા સંસ્કૃત કે કોઇ કલાસીકલ લેન્ગવેજ રહેશે. આમ આ યોજના પ્રમાણે માતૃભાષા અને સંસ્કૃત અથવા શાસ્ત્રીયભાષા અનિવાર્ય ભાષાઓ રહેશે.

પ્રસ્તુત યોજના અનુસાર હિન્દી ભાષાને તેઓએ અનિવાર્ય ભાષા ગણી નથી તેની પાછળનો તેમનો તર્ક એવો છે કે હિન્દીભાષાને દેશમાં બધા લોકો સંપર્ક ભાષા તરીકે માને છે તેથી બધા લોકો તેનો અભ્યાસ કરવાના જ છે કોઇ તેને છોડશે નહિ. આવી સ્થિતિમાં તેને અનિવાર્ય કરવાની આવશ્યકતા જ કયાં છે? માત્ર તે જ વિષયોને અનિવાર્ય કરવા જોઇએ, જે ધન પ્રાપ્તિમાં સહાયક ન હોવાને કારણે વિદ્યાર્થીઓ તેની ઉપેક્ષા કરે છે. આ કારણથી જ આ યોજનામાં માતૃભાષા અને સંસ્કૃત અથવા કોઇ શાસ્ત્રીયભાષાને અનિવાર્ય વિષય તરીકે મૂકવામાં આવ્યાં છે. જેઓ સંસ્કૃત રાખવા ન માગતા હોય તેઓ અરબી, ફારસી, ગ્રીક, લેટિન, હિબ્રૂ અથવા કોઇ અન્ય શાસ્ત્રીય ભાષા લેવા માટે સ્વતંત્ર છે. શાસ્ત્રીય ભાષાનો આગ્રહ એટલા માટે છે કે આપણી સંસ્કૃત આદિ શાસ્ત્રીયભાષામાં જે જ્ઞાનભંડાર તેમજ જીવનમૂલ્ય સુરક્ષિત છે તે સ્વસ્થ સામાજિક જીવન માટે આવશ્યક છે. આપણા સંપ્રદાયો અને આપણી શાસ્ત્રીય ભાષાઓ રાષ્ટ્રીય ભાવાત્મક એકતાથી ભરપુર છે. વિદ્યાર્થીના જીવનમાં તેઓ સન્નિવેશ કરી શકાશે.

ઉપર્યુક્ત ભાષાનીતિને સમીક્ષાની દૃષ્ટિએ જોઇએ તો ભારતીય શિક્ષણ મંડળનો ઉપર્યુક્ત ભાષા વિચાર પુરસ્કૃત કરવા જેવો છે. તેમાં દ્વિભાષા, ત્રિભાષા કે ચારભાષાઓની ફોર્મ્યુલાનો વિવાદ રહેતો નથી. બધાંનું તેમાં સમાધાન થયુ છે. સામાજિક સમરસતા કે રાષ્ટ્રીય એકતાને ધ્યાનમાં રાખીને માતૃભાષા અને સંસ્કૃત કે અન્ય શાસ્ત્રીય ભાષાને અનિવાર્ય ભાષા તરીકે નહિ ભણાવવાનો તેમનો તર્ક પણ યથાર્થ અને બુદ્ધિગમ્ય છે. ધોરણ ૯ થી ૧૨માં સંસ્કૃતને અનિવાર્ય વિષય તરીકે ભણાવવાનો વિચાર આવકાર દાયક છે. હિન્દી ભાષાને અનિવાર્ય ભાષા તરીકે ભણાવવાનો તેમનો વિચાર સરાહનીય છે. પણ તે વિચારને ધોરણ ૧ થી ૮નાં વિદ્યાર્થીઓ સુધી કેમ વિસ્તૃત ન કરી શકાય? વિદ્વાનો આ વિચાર સાથે સંમત થશે એ અપેક્ષા વધારે નથી. કારણ કે જયારે બધી જ ભારતીય ભાષાઓ સંસ્કૃતમાંથી જન્મી છે, ત્યારે સંસ્કૃતભાષા માતૃભાષા કે અન્ય રાજયભાષાની પુરક બની રહેશે; વળી તેનાથી અન્ય ભાષાઓની સમૃદ્ધિમાં વધારો થશે. ગ્રીક, લેટિન કે અંગ્રેજી જેવી વિદેશી ભાષાઓનો પરિચય પણ સુગમ બનશે કારણ સંસ્કૃત ભાષા વિશ્વની શતમ અને કેન્તમ્ વર્ગની ભાષાઓમાં પણ તેનું પ્રૌઢતમ સ્વરુપ સ્થાપિત કરી ચૂકી છે એટલે માતૃભાષાની સાથે જ સંસ્કૃત ભાષાને ધોરણ-૧ નહી ૮ સુધી (સામાન્ય શિક્ષા)માં પુરક ભાષા તરીકે ભણાવવી જોઇએ.